## જન્મદિને વધામણી



ડો. વાચા હાર્દિક જોષી
દર્પ હોમિયોપેથિક ક્લિનિક, ચિલોડા

# શ્રી સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બે શાળાઓનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨

શ્રી સરસ્વતી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શારદા વિદ્યાલય તથા શેઠ શ્રી બી બી પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાનો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.

આ પ્રસંગે અતિથિ તરીકે ગેઝીયાના પ્રમુખ એચ એમ પટેલ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના મેમ્બર જિગીષભાઈ શાહ, ગાંધીનગર જિલ્લા શિક્ષક સંઘના મહામંત્રી સુરેશભાઈ પટેલ, દંતાલી હાઈસ્કૂલના આચાર્ય સુરેશભાઈ ચૌધરી અને શાળા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી બાબુભાઈ પટેલ તથા શારદાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત અતિથિઓ દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. એ પછી વિદ્યાર્થીનીઓએ પ્રાર્થના નૃત્ય પ્રસ્તુત કર્યુ હતું. અતિથિઓનું સ્વાગત સ્વાગત ગીતના માધ્યમથી કરવામાં આવ્યું હતું. એ પછી સાંસ્કૃતિક કૃતિઓનો એક દોર વિદ્યાર્થીઓએ ચલાવ્યો હતો જે જોનારાઓને ખુશ કરી ગયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શિક્ષક ધીરજભાઈ પટેલ અને હરેશભાઈ પટેલે જહેમત ઊઠાવી હતી.

સૌ અતિથિઓએ આ સફળ કાર્યક્રમ બદલ શાળા પરિવાર અને વિદ્યાર્થીઓને બિરાદવી અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાને રહેનારા વિદ્યાર્થીઓને ઈનામો પણ એનાયત કરવામાં આવ્યાં હતાં.



માણસા તાલુકાના ગણેશપુરા ગામે આંગણવાડીનાં બાળકોને બેસવા માટે ૧૫ જેટલી બેન્ચીસનું વિતરણ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા તરફથી કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાળકોને નાસ્તાનાં પેકેટ્સ, ખજૂર તથા પૌષ્ટિક આહાર પણ આપવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં ભગુભાઈ પટેલ, જે એન પરીખ, રામસિંગ પરમાર, કૌશિકભાઈ ભટ્ટ જોડાયા હતા. ગ્રામ પંચાયતના સરપંચ તથા આંગણવાડીનાં બહેનોએ આ કાર્યમાં ઉત્સાહપ્રેરક સહકાર આપ્યો હતો.




બોરીજ સરકારી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વાર્ષિકોત્સવ તથા ધોરણ-૮ના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧થી ૮ના વિદ્યાર્થીઓએ આ પ્રસંગે હોંશભેર સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લીધો હતો અને વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ પ્રસ્તુત કરી હતી. વાલીઓ, ગ્રામજનો તથા એસએમસીના સભ્યોએ આ પ્રસંગે હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઊઠાવી હતી.

# સુપ્રિમ કોર્ટ દ્વારા નીટની પરીક્ષા માટે વયમર્યાદા દૂર કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨

સુપ્રીમ કોર્ટે એમબીબીએસ/બીડીએસ કોર્ષ માટે નેશનલ એલિજિબિલિટી એન્ટ્રેન્સ ટેસ્ટ (નીટ) ૨૦૧૭ માટે ઉમેદવારોની ૨૫ વર્ષની વય મર્યાદા દૂર કરી દીધી છે. તેણે પાંચ એપ્રિલ સુધી સીબીએસઈના ઓનલાઈન પોર્ટલ મારફત ફોર્મ્સ ભરવાની મંજૂરી આપી દીધી છે. આ સાથે જ જે વિદ્યાર્થીઓ તક ચુકી ગયા હતા તેમને નવેસરથી મોકો મળ્યો છે. જસ્ટિસ દીપક મિશ્રા અને એ એમ ખાનવિલકરે ઠરાવ્યું હતું કે સાતમી મેની પરીક્ષા માટે સીબીએસઈએ નક્કી કરેલી વય મર્યાદા મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (એમસીઆઈ) દ્વારા જારી સૂચનાઓના આધારે નોટિસ જારી કરીને નક્કી ન કરી શકાય.

'નીટ' સાતમી મેના રોજ યોજાવાની છે અને તે માટે ફોર્મ્સ ભરવાની છેલ્લી તારીખ પહેલી માર્ચ હતી. બેન્ચે તેના વચગાળાના આદેશમાં કહ્યું હતું કે 'અમને પ્રથમદર્શી એવું લાગે છે કે વયમર્યાદા એમસીઆઈએ જારી કરેલી સૂચનાના આધારે નક્કી ન કરી શકાય. તમામ ઈચ્છિત ઉમેદવારોને પાંચ એપ્રિલે કે તે પહેલાં સીબીએસઈના ઓનલાઈન પોર્ટલ પર ફોર્મ્સ ભરવાની મંજૂરી આપવી જોઈએ.' સુપ્રિમ કોર્ટના આ નિર્ણયથી પચીસ વર્ષથી મોટી વયના વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ છે.

# અનન્ય વિદ્યાલયના વિદ્યાર્થીઓ રૂરલ ટે-ક્વોન-ડો સ્પર્ધામાં ઝળક્યા



રૂરલ ટે-ક્વોન-ડો ચેમ્પિયનશીપ તાજેતરમાં માઉન્ટ આબુ ખાતે યોજવામાં આવી હતી, જેમાં અનન્ય વિદ્યાલય, કલોલના વિદ્યાર્થીઓએ ભાગ લઈને વિજેતા ક્રમ પ્રાપ્ત કર્યો હતો તથા સ્કૂલનું નામ રોશન કર્યું હતું.

ચીફ કોચ જતીન દવે અને કોચ અજય જાડેજાના માર્ગદર્શનમાં ધોરણ-૪ના વિદ્યાર્થી નિસર્ગ પ્રકાશભાઈ પરમાર, ધોરણ-૫ના વિદ્યાર્થી ક્રિશ રાકેશભાઈ મિશ્રાએ ગોલ્ડ મેડલ તથા ધોરણ-૫ના વિદ્યાર્થી હર્ષ રાજુભાઈ દેસાઈ, યુવરાજ અનિલભાઈ શર્મા, ધોરણ-૮ના વિદ્યાર્થી રોનક પ્રકાશભાઈ પરમાર, ક્રિશ ઉમેશભાઈ પટેલ અને ધોરણ-૬ના વિદ્યાર્થી આર્ય જિજ્ઞેશભાઈ પટેલે બ્રોન્જ મેડલ જિત્યો હતો.

વિદ્યાલયનાં આચાર્ય ડૉ. મમતાબેન ભટ્ટ દ્વારા આ સૌ વિજેતા વિદ્યાર્થીઓને સમગ્ર શાળા પરિવાર વતી બિરદાવી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે રામનવમી મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૨

હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે શ્રી રામનવમી મહોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ પાંચમી એપ્રિલ ને બુધવારના રોજ સાંજના ૬.૦૦ વાગ્યાથી આ ઉત્સવની શરૂઆત થશે. શ્રીરામનવમી ઉત્સવ એ હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે ઉજવાતા ઉત્સવમાંનો એક મુખ્ય ઉત્સવ છે. ભકતો આખા દિવસ દરમ્યાન ઉપવાસ રાખે છે અને તેમના પવિત્ર નામનું રટણ અથવા તો રામાયણ સાંભળીને ભગવાન શ્રીરામનું સ્મરણ કરે છે. ભકતો સંધ્યાકાળે ઉપવાસનુ વ્રત પુરું કરે છે. આ ઉત્સવ દરમ્યાન હરે કૃષ્ણ મંદિર, ભાડજમાં ભગવાન શ્રી શ્રી રાધા માધવના શ્રીવિગ્રહોને ખાસ અંલકારથી શણગારવામાં આવશે. ઉત્સવના વિશેષ ભાગરૂપે મંદિરમાં અતિસુંદર પુષ્પોથી સુશોભિત ભવ્ય રામ દરબારનું નિર્માણ કરવામાં આવશે. સર્વોપરી શ્રી શ્રી રાધા માધવને ભવ્ય પાલકીમાં મંદિર



પરિસરમાં વિહાર કરાવવામાં આવશે જયારે ભકતો ભગવાન શ્રીરામના પવિત્ર નામનું ગાન કરતા સંકિર્તન ગાઈને જોડાશે. ત્યાર બાદ ભક્તો "શ્રી રામ અષ્ટોત્તર શત્ નામ" નો મંત્રઘોષ કરતા "શ્રી રામ તારક યજ્ઞ" કરશે. યજ્ઞ પછી, મહામંગલા આરતી ઉતારવામાં આવશે. "શ્રી નામ રામાયણ" જેમાં સંપૂર્ણ રામાયણને ગીતરૂપે નિરૂપાવામાં આવી છે તેનું ભક્તો ગાન કરશે.

હરે કૃષ્ણ મંદિર, ભાડજ દ્વારા સૌ ભાવિકોને આ ઉત્સવમાં સામેલ થવા માટે નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. મહોત્સવ અંતર્ગત સવારે ૭.૧૫થી રાત્રિના ૯ સુધી દર્શનનું આયોજન કરાયું છે. સાંજના ૬ વાગ્યાથી મહાસંકિર્તન તથા પાલકી ઉત્સવ, સાંજે ૭.૦૦ વાગ્યે રામ તારક યજ્ઞ અને રાત્રીના ૮.૩૦ વાગ્યે મહામંગલા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

## ડાયરેક્ટ ❤ સે

ફિતરત કિસી કી
ના આઝમાયા કર
એ જિંદગી
હર શખ્સ
અપની હદ મેં
બેદલ લાજવાબ હોતા હૈ

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
નામ શબાના
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
એ લાસ્ટ કોન્જરીંગ
(અંગ્રેજી-ફોર એડલ્ટ્સ)
૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
એ લાસ્ટ કોન્જરીંગ
(હિન્દી-ફોર એડલ્ટ્સ)
૫.૧૫

**સ્ક્રીન-૪**
બદ્રીનાથ કી દુલ્હનિયા
૧.૦૦
ફિલૌરી
૪.૦૦
પ્રેમજી (ગુજરાતી)
૭.૦૦

**સ્ક્રીન-૫**
નામ શબાના
સવારે ૧૦.૦૦
ફિલૌરી
૧૨.૪૫, ૬.૪૫
બદ્રીનાથ કી દુલ્હનિયા
૩.૪૫, ૯.૪૫

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# માયાળુ મોસાળને શત શત ચરણ વંદન !

## સંવેદના
### મારું માયાળુ મોસાળ

ધંધુકા અમારું વતન. લીમડી ફળીમાં અમારા ઘરની બાજુમાં જ સવિતામાસીના ઘરમાં પેસી સામે બારણે નીકળીએ એટલે મંદિર ફળી. મંદિર પાસે જ મારું મોસાળ.

૧૯૪૬ની સાલમાં કોમી તોફાનોમાં મામા ખપી ગયા, આઘાતમાં નાની-નાનાય ગયાં. મામીએ ભણીને કન્યા શાળામાં શિક્ષકની નોકરી લીધી. દીકરો આઠ મહિનાનો અને મામી અઢારેક વર્ષની ઉંમરનાં.

રોજ તો મામીનેય સ્કૂલ હોય ને મારે પણ. એટલે રજામાં, સવારમાં ત્યાં જાઉં. બા મામીને ભાભીજી કહે એટલે અમે પણ એમ જ બોલાવતાં.

ભાભીજી કદિ લાંબુ ભાષણ, સલાહ-શીખામણ કે ઠપકો ન આપે. પીઠ થાબડતાં-થાબડતાં જરૂરી વાત શીખવવાની એમની અનોખી રીત હતી. કામની સૂઝબૂઝ, ચીવટ અને ચોક્સાઈના મારા ગુણ એ એમના સંગની દેન છે. ભાભીજીના દીકરા કિરણભાઈ વેકેશનમાં ઘેર આવે. ભાભીજી અને અમારે પણ રજાઓ. આસપાસના અન્ય સમવયસ્ક છોકરા અને અમે બધા ભાભીજીના ઘેર અડ્ડો જમાવીએ.

પહેલા માળે રૂમ વચ્ચોવચ્ચ મોટા ખાટ (હિંચકો). એમાં વચ્ચે કિરણભાઈ ને આજુબાજુ અમે સાત આઠ છોકરાં બેસી જઈએ. ફૂલ વોલ્યુમમાં રેડિયો વાગે. મોટા મોટા હિંચકાનાં ઝોલાં ખાતાં ખાતાં કિરણભાઈ કોલેજના હાસ્ય પ્રસંગો અને અવનવી જોક્સ સંભળાવે એટલે થોડી-થોડી વારે મોટેથી બધાં સામટાં હા-હા, હી-હી કરે. આખું ફળિયું ગાજે પણ ભાભીજી કદિ અકળાય નહીં, બધાંને આનંદ કરતાં જોઈને હરખાય, 'મારું સૂનું ઘર આજે કિલ્લોલ કરતું થઈ ગયું.'

ઘેર ઠાકોરજીની સેવા એટલે ભાભીજી અમને રસઝરતો મોહનથાળ, કોપરાપાક, બુંદી વગેરે પ્રસાદ આપે. બાના મુખ સામે જોવાનું, ત્યાં હકાર વંચાય તો થોડું લેવામાં વાંધો નહીં. બાકી તો 'કોઈને ત્યાં કંઈ ખવાય નહીં' એવી બાની શીખ હૃદય પર કોતરાઈ ગયેલી. ભાભીજીના હૃદયની સ્નિગ્ધતા અને ભાવની મીઠાશ વાનગીમાં ભળે પછી સ્વાદનું તો પૂછવું જ શું ? થાળી ઝટ સફાચટ કરી મૂકવાની. બા ખીજાતી હશે મનમાં, પણ એ બાજુ જોવાનું જ શું કામ ? સાંજ સુધી ભાભીજીના ઘેરથી હટવાનું નામ નહીં. મારો ભાઈ ખડકીમાં કૂતરાં બોલાવી રમાડે. અમે બધાં ભેગા મળી ધમાલ-મસ્તી કરી ફળિયું માથે લેતાં. નાનપણમાં તોફાન-મસ્તી કરવા મોસાળ જેવું બીજું મોકળું મેદાન ક્યાંથી મળે ? કોઈ રોકટોક જ નહીં, વળી અમે તો ભાભીજીના લાડકવાયા ભાણેજો.

વાર-તહેવારે ભાભાજી અમને બહુ લાડ લડાવે. દિવાળીમાં એમના આણેલા ફટાકડા ખૂટ્યા ન ખૂટે. ઉત્તરાયણમાં પતંગ-દોરી, તલસાંકળીની લ્હાણ. કિરણભાઈ પણ અમારા ચારેય ભાઈ-બહેનો પર, મામાની ખોટ ભૂલાવી દે એવો સ્નેહ રાખે.

છેલ્લે છેલ્લે ભાભીજીની ગંભીર બીમારી વખતે મળવા ગઈ ત્યારે કહે, 'વર્ષા, તું તો પહેલેથી મારી માનીતી. તારો ફોટો ધંધુકા મારે ઘેર છે. મગાવ્યો છે. જેનું જે છે, તેને તે આપી દઉં એટલે મારે શાંતિ.' ફરી એમની પાસે ગઈ ત્યારે માથે હાથ ફેરવી ફોટો આપ્યો અને મારી સામે બહુ જ મીઠું હસ્યા. એ મીઠી નજર એમનું છેલ્લું સંભારણું. પણ મારા ભાભીજીનો અસીમ સ્નેહ હૃદયમાં ચિરંજીવ છે.

**- વર્ષા સુધીર મોદી**

સોનેરી કિરણોના સોહામણા અજવાળે સમય સમયનું કામ કર્યે જાય છે. બચપણથી અત્યાર સુધીની અવસ્થામાં માત-પિતાની છત્રછાયામાં મધુર કંઠે ગવાતાં હાલરડાં સાંભળી અને માત-પિતાના કોમળ ફૂલ સમા એ દિવસોમાં માતાપિતાએ લાડકોડથી અમને મોટાં કર્યાં. બચપણથી સમજણ ન આવી ત્યાં સુધી મોસાળમાં જતા-આવતાં તે આચાર-વિચાર, સંસ્કાર 'દાન ધર્મ આવકાર' આ બધું માતપિતાએ અમોને વારસામાં આપ્યું. મારું માયાળુ મોસાળ એવું મોસાળ જે 'ભગતના ગામ'થી ઓળખાય છે તે સાયલા. અહીં લાલજી બાપુની ધરમ ધજા લહેરાતી દેખાય છે અને ભૂખ્યાંને અન્ન, તરસ્યાને પાણી કાયમ મળી રહે છે. આવકાર તો એવો મીઠો કે કાઠિયાવાડની વાત યાદ આવે. મૂળ વાતમાં મોસાળમાં રામજી મામા, આચાર્ય ડાહ્યાલાલ મામા, વાલભાઈ મામી, સંતોકબેન મામી. જેવા દયાળુ, ધર્મપ્રેમી મોસાળમાં મામા-મામી એવી જ એમની હેતભરી વાતો. જીવનમાં ઉતારવા જેવાં તેમનાં દૃષ્ટાંતો હજુય યાદ આવે છે. દાદા ખીમજીદાદાનું નામ અત્યારે પણ દાન ધર્મમાં ગૂંજ્યા કરે છે. સદા સર્વદા મારા માયાળુ મોસાળમાં પેઢી દર પેઢી દાનધર્મ ચાલ્યું આવે છે. સાયલામાં રજવાડાના ધણી મહારસિંહજી બાપુ હતા. મારા દાદા-દાદી, મામા-મામી અને માતા તેમના બહુ વાતો કરતાં. મારાં માતુશ્રી વાલબાઈએ તો દરબાર ગઢમાં લખીને તેમની યાદ રાખી છે. 'ઘણું જીવો સેલ સાયલાના સૂબા, ડંકો દીધો છે સોહામણા સોરઠ શેરમાં' આવો રાહડો પણ લખ્યો છે.

મામા-મામી, દાદા-દાદી, માતા-પિતા સૌ સ્વર્ગે સિધાવ્યાં છે પરંતુ તેમનાં સંભારણાં, જૂની વાતો, કહેવતો, આવકાર અને દાન-પુન જે શીખવતાં ગયાં છે તે અમે આજેય ભૂલ્યાં નથી.

**- બાબુ રત્નોત્તર**
**સેક્ટર-૩ ડી**

મારું મોસાળ સુંદર નગર રાજપીપળામાં આવેલ છે. મારા નાના કંચનલાલ નરોત્તમદાસ પરીખ રાજપીપળા નાગરિક બેંકમાં પ્રથમ મેનેજર હતા. તેમની પુત્રીઓમાં મારી માતાનો નંબર પાંચમો છે. નાનપણમાં પ્રસંગોપાત રાજપીપળા જવાનું થતું. વેકેશનમાં મારી માતા ઉપરાંત તમામ માસીઓ નાનાને ત્યાં ભેગા થતા. વેકેશનમાં નાનાં-મોટાં ૨૫થી ૩૦ કુટુંબીજનો ભેગાં થતાં. મોસાળમાં અમે સૌ બાળકો હકથી શાકભાજી વેચતા આદિવાસી 'માસી' સાથે શાક વેચવા બેસી જતા અને ઈચ્છા થાય તો પેટ્રોલ પંપમાં મેનેજરની ખુરશીમાં કે સ્કૂલમાં પ્રિન્સિપાલની ખુરશી પર બેસી શકતા. કહેવત છે કે મોસાળમાં જમણ હોય અને મા પીરસનાર હોય તો ખૂબ મજા આવે. અમારે મોસાળમાં મા અથવા માસી પીરસનાર હતી, અમને સૌને ખૂબ આનંદ આવતો.

નાના-નાનીના દેહાંત બાદ વડીલોને રાજપીપળાના મકાનને વેચવાનો કઠોર નિર્ણય લેવો પડ્યો. અમને લાગ્યું કે હવે મોસાળ બંધ, વેકેશનમાં નહીં જઈ શકાય. પરંતુ વેકેશન પહેલાં જ મારા માસાજી અને મીયાગામ-કરજણ (વડોદરા પાસે)ના વહેપારી ઠાકોરભાઈ શાહનો પત્ર આવ્યો અને મીયાગામ-કરજણ આવવા આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું, સાથે ટેલિફોન પણ કર્યો. તમામ પરીખ ૬ સિસ્ટર્સના સભ્યો મીયાગામ-કરજણ ભેગા થયા. માસા-માસીને ત્યાં મોસાળમાં પણ ક્યારેક ન મળે તેવો પ્રેમ મળ્યો. અમારે બાળકોને મનફાવે ત્યારે ઉંઘવું, ઉઠવું, જમવા બેસવું, ફરવા જવું... તમામ પ્રકારની છૂટ. ફરવા જવાનાં સ્થળોમાં કાયાવરોહણ, પોર, ગોદડીયા બાપુનો આશ્રમ મુખ્ય હતો.

માસાજી અને માસીના પ્રેમાળ અને વિનોદી સ્વભાવે તમામ પરીખ ૬ સિસ્ટર્સના સભ્યો માટે મીયાગામ-કરજણને મોસાળ બનાવી દીધું. વેકેશનમાં અથવા પ્રસંગોપાત મીયાગામ-કરજણ જતા અને મોસાળ રાજપીપળામાં મળે તેવો આનંદ મેળવતાં. આજે પણ પરીખ ૬ સિસ્ટર્સ ન્યુ જનરેશન સતત સંપર્કમાં રહી વેકેશનમાં મળીને આનંદ કરીએ છીએ. અને મોસાળની લાગણી અનુભવીએ છીએ. આવું વિશિષ્ટ અને અલગ ભાત પાડતું મારું મોસાળ છે.

**- ડૉ. જૈમિન એ શાહ**
**સેક્ટર-૧**

મારું મોસાળ ગરવી ગુજરાતના મહીસાગર જિલ્લાના, કડાણા તાલુકાનું નાનકડું ગામ - જાગુના મુવાડા. 'સર્વજન હિતાય, સર્વ જન સુખાય તેમજ જાગતે રહો' સૂત્ર દ્વારા બ્રાહ્મણ અને પટેલ જ્ઞાતિના સુભગ સહકારથી ગામ આગે કદમ કરવા લાગ્યું, વિકસ્યું. પ્રવેશ દ્વાર આગળ ઘેઘૂર ઘટાદાર વડ નીચે સ્થાપિત શિવ મંદિર ગામ લોકોની ભગવાન પ્રત્યેની શ્રદ્ધાનું સીમાચિહ્ન સૂચવે છે.

દાદા મોતીરામ કડાણા સ્ટેટના મહાલકારી (મામલતદાર) અને દાદીમા પાર્વતીબા અસલ પાર્વતીજીનો અવતાર હતાં. સંતાનમાં ત્રણ દીકરીઓ. મોટા દીકરા કાન્તિલાલ મામા છ રૂપિયાના માસિક પગારથી પ્રાથમિક શિક્ષક હતા, જેઓનો સૂર મહેનત હમારા જીવન, મહેનત હમારા નારા, મહેનત સે ઝગમગા લો તકદીર કા સિતારા' હતો. જમિયત મામા મહેસૂલ ખાતામાં અને ચંદ્રકાન્તમામા બીટગાર્ડથી નાયબ વનસંરક્ષક પદ સુધી પહોંચ્યા હતા, જેમનો મંત્ર કવિ દલપતરામના શબ્દોમાં 'આળસ ત્યજી મહેનત કરે, પામે લાભ અનંત' હતો. ત્રણ દીકરીઓ પૈકી મોટાં નર્મદામાસી જેઓ રૂપ રૂપનાં અંબાર. સમાજમાં સુંદરતાનું અજોડ બીરૂદ મેળવેલું, બીજાં શાંતાબા-શાંતિ અને સહનશીલતા ધરાવતાં-મારાં માતા અને ત્રીજાં અનસુયામાસી - મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આચાર્યની પદવી પર વિશેષ ચાહના મેળવેલી. મોસાળમાં પાક સંરક્ષણ અર્થે સરકાર તરફથી બંદૂકનો પરવાનો મળ્યો હતો, મોસાળ નાનું પણ માયાળુપણું વિશેષ.

ભૂરી ભેંસ અને ગંગા ગાયનું આંગળીને વેઢે ચોંટી જાય તેવું દૂધ, રામલક્ષ્મણની જોડી જેવા સફેદ અને લાલ બળદ પાદરેથી ઘેર પરત થતા ત્યારે ગળે બાંધેલી ટોકરીના ઘંટારવથી આંગણું મનોહર બનતું. મોતી કૂતરાની વફાદારીનું પૂછવું જ શું ? વાર, એકાદશીનું સંપૂર્ણ પાલન કરનાર પાલતુ કૂતરાને સલામ. ઉનાળા વેકેશનમાં મોસાળમાં મોજ-મજા, મસ્તી, ઉત્સાહ, સંપ, સહકારથી તરબોળ રહેતા તેમજ વડવાઓએ ઉછેરેલા આંબાઓની મનફાવે તેટલી કેરીઓ આરોગવાની મઝા માણતા.

મામાઓએ મને ભણાવ્યો, મામીઓએ સુસંસ્કારનું સિંચન કરી પ્રભુમય બનાવ્યો. 'જબ તક હૈ મોસાળ, આગે બઢાઓ અપને કદમ' વિચારધારાથી જિંદગીના ઝંઝાવાતો સામે સ્મિત અને ઝખ્મોનું સ્વાગત કરતાં શીખ્યો. જીવનના પ્રવાસમાં કટોકટીની કસોટીમાં રાહતનો શ્વાસ બનીને દરિયાવ દિલની ભાવભીની ભીનાશથી કોરી જમીનને તરબતર કરનાર સપનાંના મહેલમાં પણ મોત ઉગારનાર બન્યો. સાંકડી ગલીમાં ફંગોળાતો, તેમાંથી વિશાળ ગગનમાં ઉડાનની તક સાંપડી. શ્વાસમાં સાહસ, હૈયામાં હિંમત, આત્મવિશ્વાસનું ચાર્જર, વીરતાનું બખ્તર, બહાદુરીનું બેન્ક બેલેન્સ અને અભયનું ઈન્જેકશન આપનાર, માયાળુ મોસાળને શત શત ચરણ વંદન !

જન માયાળુ મોસાળ, દીપે નિરંતર મોસાળ.

**- જયેન્દ્ર એન પાઠક**
**સેક્ટર-૬ બી**